# ગુજરાત જાહેર સેવા આયોગ

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા જા.ક્ર. ૧૩૪/૨૦૨૫-૨૬ થી જા.ક્ર. ૧૩૯/૨૦૨૫-૨૬ તારીખ-૧૮/૦૨/૨૦૨૬ (બપોરનાં ૧૩:૦૦ કલાક) થી તારીખ-૦૫/૦૩/૨૦૨૬ (રાત્રિનાં ૧૧:૫૯:૦૦ કલાક) સુધી **Online** અરજીઓ મંગાવવામાં આવે છે. સદરહુ જગ્યાઓની મુખ્ય અને અગત્યની વિગતો જેવી કે ઉંમર, ઉંમરમાં છૂટછાટ, શૈક્ષણિક લાયકાત, અનુભવ, પગાર ધોરણ, અરજી ફી, ઓનલાઈન અરજી કરવાની રીત, જાહેરાતની સામાન્ય જોગવાઈઓ, જગ્યાનાં ભરતી નિયમો અને ભરતી (પરીક્ષા) નિયમો તથા અન્ય વિગતો આયોગની વેબસાઈટ https://gpsc.gujarat.gov.in અને https://gpsc-ojas.gujarat.gov.in ઉપર જોવા વિનંતી છે. અત્રે દર્શાવેલ શૈક્ષણિક લાયકાત અને અનુભવ ઉમેદવારની સામાન્ય સમજણ માટે છે. જાહેરાતની સંપૂર્ણ વિગતો આયોગની વેબસાઈટ પર જોયા બાદ જ ઉમેદવારે https://gpsc-ojas.gujarat.gov.in પર **Online** અરજી કરવાની રહેશે. ઉંમર ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

| જાહેરાત ક્રમાંક | જગ્યાનું નામ | કુલ જગ્યાઓ | કક્ષાવાર જગ્યાઓ | | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | | | કુલ જગ્યાઓ પૈકી દિવ્યાંગ ઉમેદવારો માટે અનામત | કુલ જગ્યાઓ પૈકી માજી સૈનિક માટે અનામત | પ્રાથ.કસોટી સામા.અભ્યાસ સૂચિત તારીખ | શૈક્ષણિક લાયકાત (ટૂંકમાં) | અનુભવ (ટૂંકમાં) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૪ | | | | | ૫ | | | | | | | | | |
| ૧ | ૨ | ૩ | બિન અનામત | આ.ન.વ (EWS) | સા.શૈ.પ વર્ગ | અનુ. જાતિ | અનુ. જનજાતિ | બિન અનામત | આ.ન.વ (EWS) | સા.શૈ.પ વર્ગ | અનુ. જાતિ | અનુ. જનજાતિ | ૬ | ૭ | ૮ | ૧૧ | ૧૨ |
| જાહેરાત ક્રમાંક ૧૩૪/૨૦૨૫-૨૬ થી ૧૩૯/૨૦૨૫-૨૬ (દિવ્યાંગ ઉમેદવારો માટેની ખાસ ભરતી) ગુજરાત મેરીટાઈમ બોર્ડની (GMB) છે. | | | | | | | | | | | | | | | | | |
| ૧૩૪ | કાર્યપાલક ઈજનેર (બાંધકામ), વર્ગ-૧ – (GMB) | ૦૧* | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧* | ૦૦ | ૨૬.૦૪.૨૦૨૬ | B.E/B.TECH-CIVIL | જરૂર નથી |
| ૧૩૫ | નાયબ કાર્યપાલક ઈજનેર (બાંધકામ), વર્ગ-૨ – (GMB) | ૦૧* | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧* | ૦૦ | ૨૬.૦૪.૨૦૨૬ | B.E/B.TECH-CIVIL | જરૂર નથી |
| ૧૩૬ | નાયબ કાર્યપાલક ઈજનેર (યાંત્રિક), વર્ગ-૨ – (GMB) | ૦૧* | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧* | ૦૦ | ૨૬.૦૪.૨૦૨૬ | BE/TECH-MECHANICAL | જરૂર નથી |
| ૧૩૭ | મદદનીશ ઈજનેર (યાંત્રિક), વર્ગ-૨ – (GMB) | ૦૧* | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧* | ૦૦ | ૨૬.૦૪.૨૦૨૬ | BE/TECH-MECHANICAL | જરૂર નથી |
| ૧૩૮ | મદદનીશ ઈજનેર(વિદ્યુત), વર્ગ-૨ - (GMB) | ૦૧* | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧* | ૦૦ | ૨૬.૦૪.૨૦૨૬ | B.E/TECH-ELECTRICAL | જરૂર નથી |
| ૧૩૯ | મદદનીશ ઈજનેર (બાંધકામ), વર્ગ-૨ (GMB) | ૦૨* | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૨* | ૦૦ | ૨૬.૦૪.૨૦૨૬ | BE/B.TECH (CIVIL) | જરૂર નથી |

➢ આયોગ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવતી સદરહુ જાહેરાતોમાં જગ્યાઓની સંખ્યામાં વિભાગની દરખાસ્તને આધીન ફેરફાર કરવાનો આયોગનો અબાધિત અધિકાર રહેશે તથા આયોગ દ્વારા નિયત થયેથી જાહેરાતની પરીક્ષા માટે સંમતિ તથા સંમતિ ડિપોઝીટ લઈ શકાશે.

➢ઉપરોક્ત જાહેરાતોમાં "*" નિશાની કરેલ જગ્યાઓ પૈકી તેમાં અમુક જગ્યાઓ દિવ્યાંગોની ખાસ ભરતી ઝૂંબેશ હેઠળની જગ્યાઓ પણ છે. જે માટે જાહેરાતની વિગતવાર સુચનાઓ ધ્યાને લેવાની રહશે.

➢ઉમેદવારોને ખાસ સૂચન કરવાનું કે **ONE TIME REGISTRATION (OTR)** ફરજીયાત હોઈ **OTR** રજીસ્ટર કરીને જે તે જાહેરાત માટે ઓનલાઈન અરજી કરવાની રહેશે અને સંબંધિત વિષયની પ્રાથમિક કસોટીની તારીખ હવે પછી જાહેર કરવામાં આવશે.

➢(૧) ઉમેદવારોએ જાહેરાત ક્રમાંક અને જગ્યાનું નામ સ્પષ્ટ રીતે વાંચીને જે તે જાહેરાત માટે ઓનલાઈન એક જ અરજી કરવી. ઓન-લાઈન અરજી કરતી વખતે તમામ વિગતો અરજીપત્રકમાં ભર્યા બાદ, તે વિગતોની ખાતરી કરીને ત્યાર પછી જ અરજી કન્ફર્મ કરવાની રહેશે. (૨) અરજી કરતી વખતે જ ઉમેદવારે પોતાનો ફોટો અને સહી અપલોડ કરવામાં આવે તે સુનિશ્ચિત કરવું. જો ઉમેદવાર દ્વારા પોતાના બદલે અન્ય કોઈનો ફોટો કે સહી ઓનલાઈન અરજીમાં/પ્રવેશપત્રમાં જણાશે તો ઉમેદવારને પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહીં. (૩) ઉમેદવારો દ્વારા કરવામાં આવતી ઓનલાઇન અરજી જાહેરાતના આખરી (છેલ્લા) સમય સુધી **"Editable"** છે. કન્ફર્મ થયેલ અરજીપત્રકની વિગતો કે તેમાં ઉમેદવારે આપેલ માહિતીમાં ક્ષતિ/ભૂલ/ચૂક થાય તો તે બાબતે સુધારો કરવાની જરૂરિયાત જણાય તો ના **"Online Application"** મેનુમાં **"Edit"** વિકલ્પમાં જઇને તે જાહેરાતમાં ઓનલાઇન અરજી કરવાના આખરી (છેલ્લા) દિવસ અને સમય સુધીમાં કોઇ પણ વિગત સુધારી શકાશે, જે બાબતે નવી અરજી કરવી નહીં. જાહેરાતના ઓનલાઇન અરજી કરવાનો સમય પૂર્ણ થયા બાદ ઓનલાઇન ભરેલ અરજીપત્રકમાં કોઇ સુધારા વધારા થઇ શકશે નહીં. (૪) તે ઉપરાંત ઓનલાઇન કન્ફર્મ થયેલ અરજીપત્રક **(Application Form)** ની નકલ અવશ્ય ડાઉનલોડ કરી **SAVE** કરી લેવી અને તેમાં પોતાની તમામ વિગતો, ફોટો અને સહીની ચકાસણી કરી લેવી. (૫) એક કરતાં વધારે સંખ્યામાં અરજી કર્યાના કિસ્સામાં છેલ્લે કન્ફર્મ થયેલ અરજીપત્રક જ માન્ય રાખવામાં આવશે. બિન-અનામત વર્ગના ઉમેદવારો માટે છેલ્લે કન્ફર્મ થયેલ ફી સાથેનું અરજીપત્રક માન્ય રાખવામાં આવશે. (૬) ઉમેદવારોએ રૂબરૂ મુલાકાતને પાત્ર થયાના કિસ્સામાં રજૂ કરવાના થતા પ્રમાણપત્રો તૈયાર રાખવાના રહેશે અને રૂબરૂ મુલાકત સમયે અચૂક રજૂ કરવાના રહેશે.

➢ઉમરનાં પુરાવા માટે **SSCE CERTIFICATE** (જન્મ તારીખ દર્શાવેલ) જ રજૂ કરવું. અન્ય કોઈપણ દસ્તાવેજ માન્ય ગણાશે નહીં. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ **NON CREAMY LAYER CERTIFICATE (NCLC)** માટે પરિશિષ્ટ-ક-પરિશિષ્ટ-૪ (ગુજરાતી) જ રજૂ કરવું. આર્થિક રીતે નબળા વર્ગના **(EWS)** ઉમેદવારોએ ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તારીખ ૨૫/૦૧/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક:EWS/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ થી નિયત થયા મુજબનું (અંગ્રેજી)માં **Annexure-KH** અથવા ગુજરાતીમાં પરિશિષ્ટ-ગ)માં જ રજૂ કરવું અને તે જ માન્ય ગણાશે.

➢ઉમેદવારોને ખાસ સલાહ આપવામાં આવે છે કે **Online** અરજી કરવા માટે તારીખ ૦૫-૦૩-૨૦૨૬ના રાત્રિનાં ૧૧:૫૯ કલાક સુધી જ વેબસાઇટ ખુલ્લી રહેશે. માટે આખરી દિવસ સુધી રાહ ન જોતા **Online** અરજીપત્રકમાં તમામ વિગતો કાળજીપૂર્વક ચકાસીને વહેલી તકે ભરવા અને ઓનલાઇન અરજી **Confirm** કરવા જણાવવામાં આવે છે. ઉમેદવાર દ્વારા નિયત સમયમાં **Online** અરજીપત્રક ભરી **Confirmation Number** મેળવી લેવો ફરજીયાત છે. જેમાં ચૂક થયેથી ઉમેદવાર જ જવાબદાર રહેશે.

તારીખ: ૧૭-૦૨-૨૦૨૬

follow us on: @GPSC_OFFICIAL https://gpsc.gujarat.gov.in

# ગુજરાત જાહેર સેવા આયોગ

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા કોષ્ટકમાં દર્શાવેલ વિગતેની જાહેરાતો માટે Online અરજીઓ મંગાવવામાં આવે છે.

| ક્રમ | જાહેરાત ક્રમાંક | ઓનલાઈન અરજી | |
|---|---|---|---|
| | | શરૂ થવાની તારીખ-સમય | પૂર્ણ થવાની તારીખ-સમય |
| ૧ | ૧૩૪/૨૦૨૫-૨૬ થી ૧૩૯/૨૦૨૫-૨૬ | ૧૮/૦૨/૨૦૨૬ (બપોરનાં ૧૩:૦૦ કલાક) | ૦૫/૦૩/૨૦૨૬ (રાત્રિનાં ૧૧:૫૯:૦૦ કલાક) |

સદરહુ જગ્યાઓની મુખ્ય અને અગત્યની વિગતો જેવી કે ઉંમર, ઉંમરમાં છૂટછાટ, શૈક્ષણિક લાયકાત, અનુભવ, પગાર ધોરણ, અરજી ફી, ઓનલાઈન અરજી કરવાની રીત, જાહેરાતની સામાન્ય જોગવાઈઓ, જગ્યાનાં ભરતી નિયમો અને ભરતી (પરીક્ષા) નિયમો તથા અન્ય વિગતો આયોગની વેબસાઈટ https://gpsc.gujarat.gov.in અને https://gpsc-ojas.gujarat.gov.in ઉપર જોવા વિનંતી છે.

તારીખ: ૧૭-૦૨-૨૦૨૬

follow us on: @GPSC_OFFICIAL https://gpsc.gujarat.gov.in